# એમ્બિ ગુજરાતમાં કામગીરીનું વિસ્તરણ કરશે

**અમદાવાદ:** એમ્બિ ઇન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં ₹3,000 કરોડના વોટર કન્ઝર્વેશન માર્કેટમાં કામગીરીનું વિસ્તરણ કરશે. કંપની ટેકનિકલ ટેક્સટાઇલ ક્ષેત્રે કાર્યરત છે અને ગુજરાત નર્મદાની કેનાલથી ખેડૂતના ખેતર સુધી પાણીની નહેરને ચોક્કસ પ્રકારના કપડાથી તૈયાર કરીને પાણીનો બચાવ કરવાની પ્રેક્ટીસ અમલી કરશે. ગુજરાતમાં વર્ષે નર્મદાના પ્રાપ્ત પાણીમાંથી 10 ટકાથી ઓછો વપરાશ થતો હોવાથી તેને વધારી શકાય તેમ હોવાનું કંપનીના સીએમડી મર્કંડ અગ્રવાલવારે કહ્યું હતું. માર્ચ 2019ને અંતે કંપનીનું કામકાજ ₹315 કરોડ અને ચોખ્ખો નફો ₹18 કરોડ હતો. કંપનીની દૈનિક ઉત્પાદન ક્ષમતા 400 કિ.મીની છે અને 57 દેશોમાં નિકાસ કામકાજ કરે છે.

# ગુજરાતમાં 3000 કરોડ જળ સંરક્ષણ બજાર

અમદાવાદ| દેશમાં 10 અબજ ડોલર અને ગુજરાતમાં રૂ. 3000 કરોડનું જળ સંરક્ષણ (વોટર કન્ઝર્વેશન) છે. ગુજરાતમાં 42.5 લાખ એક જમીન નર્મદા ડેમના ક્ષેત્રમાં આવે છે. પરંતુ તેમાંથી માંડ 3 લાખ હેક્ટર જમીનને જ આવરી લઇ શકાય છે. તેને ધ્યાનમાં રાખીને એપ્પી ઈન્ડસ્ટ્રીઝે ગુજરાતમાં પણ વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવા માટેની તૈયારી શરૂ કરી છે. કંપનીના સીએમડી મકરંદ અપ્પલવારે જણાવ્યું કે, કંપનીએ મહારાષ્ટ્રમાં 200 અબજ લિટરથી વધુ પાણીની બચત કરાવી છે. કંપની ગુજરાત સરકાર અને વિવિધ વિભાગો સાથે પણ આ મુદ્દે વાટાઘાટો કરી રહી છે. કંપની વર્ષ 2021-22 સુધીમાં જળ સંરક્ષણમાંથી આવકનો આશરે 30 ટકા હિસ્સો જનરેટ કરવા ધારે છે, જે નાણાકીય વર્ષ 2018-19માં 19.23 ટકાથી વધશે. અન્ય ડિવિઝનો એટલે કે સ્પેશિયાલ્ટી પેકેજિંગ, એડવાન્સ કમ્પોઝાઈટ અને એગ્રો પોલીમર્સનાં બજારનું કુલ કદ આશરે રૂ. 2000 કરોડ છે.